સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

ચેન-સ્નેચર્સ પોલીસની ઇમેજ ખરડે છે,
કાયદો ને સુરક્ષાની છાપ પણ તરડે છે,
કરડે મચ્છર મોત બની દે દંશ ડેંગ્યુના -
સડે-ઉકરડે નગર, માંદગી ભરડે છે

પડશે 'શાંતિ'
'ચોર્યાસી'ના ફેરામાં -
ધ્રૂવીકરણે..
(વીએચપી યાત્રા)

ચાલે શાસન,
'થપ્પડ'ના કાયદે -
રડે છે ન્યાય!
(બળિયા ના બે ભાગ)

ચિંતન

પરસ્પરસ્ય મર્માણિ યે ભાષન્તે નરાધમાઃ ।
ત એવં વિલયં યાન્તિ વલ્મીકોદરસર્પ વત્ ॥

'જે લોકો એકબીજાના ભેદો-રહસ્યો-ગુપ્તવાતોના સંદર્ભો-ત્રીજી વ્યક્તિને કે જાહેર કરે છે અને મિત્રો-સંબંધી-સાથીદારો પ્રત્યે કઠોર ભાષાનો પ્રયોગ કરે છે તે લોકો અંદરો-અંદરની લડાઇમાં-પોતે જ ઊભી કરેલી માયાજાળમાં નષ્ટ થઇ જાય છે જેમ સાપે ઉભેલા કરેલા રાફડામાં વલ્મીક ઉદર-બાલીમાં પોતે જ અટવાઇ-દબાઇને જાતે જ નષ્ટ થઇ જાય છે.'

'ચાણક્ય નીતિ'ના નવમા અધ્યાયનો આ શ્લોક છે. આજના રાજકીય કલુષિત વાતાવરણમાં સૌ નેતાઓ એકબીજાના દોષ જાહેર કરી એકમેકને કાદવ ઉડાડી બધા જ આપસમાં ખરડાય છે

ઓમર અબ્દુલા-મોદી વિશે, નીતિશ ભાજપના નેતાઓ વિશે, દિગ્વિજય તમામને માટે બધા સંદર્ભ-સંબંધ હોય ન હોય જાહેરમાં, પત્રકારોને કે પોતાનાં ફેસબૂક-પર ટ્વીટ કરી મનના વિચાર જાહેર કરી દુશ્મનો ઉભા કર્યા કરે છે.

બધા જ ખરડાયેલા છે કોણ ક્યાં કેટલું-કેવી રીતે ખાધું એ પ્રજાને ઓછી ખબર હોય પણ આ લોકો 'જાહેરમાં' હોબાળા કરી ખાનગી-ગુપ્ત વાતોને જગજાહેર કરી પોતાની જ ઊભી કરેલી માયાજાળમાં ફસાય છે પ્રજા બધાને ઓળખી લે છે.

સાપો પોતે જ રચેલા રાફડાની બાબીમાં જાતે જ અટવાઇ દબાઇ જાય છે.

સુવિચાર

- હેતુ વગર હેત કરનારા ૩ જણા.. માતા, પિતા અને ભગવાન - પાંડુરંગજી
- અપૂર્ણ લાગતું જીવન પ્રાર્થનાથી પૂર્ણ થાય છે - પૂજ્ય મોટા
- જેઓએ મેળવવાનું લક્ષ્ય રાખ્યું છે તેઓ ભૂલાયા છે.. અને જેમણે 'ખોવા' ને જ લક્ષ્ય બનાવ્યું છે તેઓ આજે પણ પૂજાય છે - જ્ઞાન સૂત્ર
- 'વર્તન વાતો કરશે' આ વાક્યમાં વ્યવહાર ધર્મની, આચરણની, માણસની કરણીની કેટલી મોટી વાત સમાવાઇ છે - ડો. ચંદ્રકાન્ત મહેતા
- મનુષ્યમાં બોલવાનું ચાતુર્ય, પ્રપંચ, દંભ બનાવટ આચરે છે, પણ તેના વર્તનની અસલિયત અંતે પ્રગટ થતી જ હોય છે, એટલે છેતરામણ શબ્દો દ્વારા પોતાનું અસલી રૂપ ઢાંકવાનો પ્રયત્ન કરતો માણસ આચરણમાં ગોથું ખાઇ જ જાય છે - ધર્મ સૂત્ર
- વ્રત એટલે સ્વયં સ્વીકૃત શ્રદ્ધાયુક્ત નિયમ.. વ્રત એટલે માનસિક જ નહીં આત્મિક પ્રતિજ્ઞા છે - રમેશ ઓઝા
- અસત્ય દ્વારા જે પ્રાપ્ત કરીશ તે પ્રાપ્તિ નથી, પણ ગુમાવવાની વાત છે, અને સત્યથી જે કાંઇ મેળવીશ તે ગુમાવવાની વાત નથી પણ પ્રાપ્તિ છે - વિમલ મિત્રે

બોધ કથા

વાત-વાતમાં, રોજિંદી ઘટનાઓ અને સામાન્ય વહેવારમાં પણ માતા-પિતા ધારે તો બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ, શિક્ષણના ભાર વિના પણ, આચરણ અને વર્તનથી આપી શકે!

એક વૃદ્ધ દરજી ઘરે જ સિવણકામ કરતો હતો. જૂના પરિચિત લોકો દ્વારા કામ મળતું. દરજી કામ કરતા દાદાને, પૌત્ર ધ્યાનથી જોઇ રહ્યો હતો. દાદાની કેટલીક વિશિષ્ટ ક્રિયાઓ જોઇ પૌત્રએ દાદાને પૂછ્યું,

'દાદા, તમે દરેક વખતે કાપડને કાતરી કાતર પગની નીચે દબાવો છો એને સોયને ટોપીમાં ભરાવો છો! આમ કેમ?'

દાદાએ તરત મૂલ્યલક્ષી શિક્ષણનો વર્ગ શરૂ કરી દીધો, કહ્યું - બેટા જે બધાને કાપવાનું અલગ કરવાનું - કામ કરે તેનું સ્થાન હંમેશા પગ નીચે જ હોય! અને જે જોડવાનું - એકતાનું કામ કરે તેનું સ્થાન મસ્તક ઉપર જ હોય!

કાતર કાપવાનું કામ કરે છે એટલે એને પગ તળે દબાવવી પડે! અને સોય જોડવાનું કામ કરે છે એને માથે ચઢાવી માન આપવું પડે!

બાળકને હસતાં-રમતાં મૂલ્યોનું અમૂલ્ય શિક્ષણ મળી ગયું.

Email - sureshchandrabhatt18@gmail.com

'સૂરતનું જમણ અને કાશીનું મરણ' એ જૂની કહેવત સામે 'હોટલનું જમણ અને ડોકટરનું શરણ' એમ નવી કહેવત સૂચવી શકાય

હોટલનું ખાણું, શું વખાણું? (હાસ્ય લેખ)

- 'હંસ ગાંધીનગરી'

લગ્ન માટેનાં ઇન્ટરવ્યુમાં મૂરતીયાએ કન્યાને પૂછ્યું, 'તમને શાનો શોખ છે?' કન્યાએ શરમાતા શરમાતા જવાબ આપ્યો, 'રસોઇનો.' મૂરતિયાને આવી જ છોકરી જોઇતી હતી. વધુ પડપૂછ કર્યા વિના એ એને પરણી ગયો. શરૂમાં રોજ બપોરનો એક ટંક તો સગાવહાલાંને ત્યાં જમવાનું થતું. પહેલા દિવસે સાંજે પનઘટ હોટલમાં જમ્યા. બીજે દિવસે સાંજે નવવધુને પૂછ્યું, 'જમવાનું શું કરીશું?' એણે કહ્યું, 'હોટલ ભોજવિશ્રામમાં કેવુંક રહેશે?' પતિને થયું, ભલે બાપડી ખુશ થતી. એ ત્યાં લઇ ગયો. ત્રીજો દિવસે સાંજે બહુ ભૂખ જેવું નહોતું. એટલે પત્નિએ જ સામેથી પ્રસ્તાવ મૂક્યો કે એક જ આઇટેમ બનાવવા રસોડામાં શ્રીગણેશ નથી કરવા, એટલે પછી 'વિકલ્પ'નાં મસાલા ઢોસા ખાઇને રોડવ્યું. ચોથી સાંજે પત્નીએ કહ્યું, 'ડીયર જશુ,' પતિ કહે એટલે કે 'જઇશું'? એમ પૂછું છું. 'ક્યાં?' પતિ બોલ્યો. પત્નીએ કહ્યું, 'હોટલ 'બેસ્ટ ઇન ટેસ્ટ'માં. ત્યાંની ચાઇનીઝ વાનગીઓ બહુ ખખણાય છે? ખેર! બિચારો એનું મન રાખવા કમને ત્યાં લઇ ગયો. ટંક કાઢયો. તે પછીની સાંજે બહાર ફરવા ગયા, ત્યાં ભેળ, પાણીપુરી અને ઉપરની 'પ્રાપ્તિ' નો આઇસ્ક્રીમ ઝાપટ્યા. એટલે પછી જમવાનો તો સવાલ જ નહિ. રવિવારે તો એણે પત્ની કંઇ બોલે તે પહેલાં જ કહી દીધું; 'આજે તો તારા હાથની જ રસોઇ જમવી છે.'' પત્ની કહે, 'પણ મને ક્યાં રસોઇ આવડે છે? છતાં તમે કહો તો ભાજી બનાવી દઉં, તમે પાઉં લઇ આવો.' હવે પતિને ધ્રાસકો પડ્યો. કહે, 'ઇન્ટરવ્યુમાં તો તે જ કહેલું કે તને રસોઇનો બહુ શોખ છે!' પત્ની કહે, 'હા, એ સાચું, પણ બનાવવાનો નહિ, હોટલની રસોઇ ખાવાનો.'

આ પ્રસંગ જો કોઇનાં કિસ્સામાં (કે કિસ્મતમાં) મળતો આવતો હોય તો તેને ઇન્ટરવ્યુમાં વધુ સ્પષ્ટતા પૂછવાની કાળજી રાખવી, જો બીજા ઇન્ટરવ્યુની તક મળે તો. જો કે, આજકાલ કેટલાક વિભક્ત કુટુંબોમાં છ મહિને એકવાર મમ્મી-પપ્પા પાસે જવાનો, ત્રણ મહિને એકવાર મંદિરે જવાનો, મહિને એકવાર થિયેટરમાં જવાનો, પંદર દિવસે એકવારમિત્રને ઘરે જવાનો, અઠવાડિયે એકવાર હોટલમાં જમવાનો, એકવાર હોટલનો નાસ્તો ઘરે લાવવાનો અને એકવાર પાણીપુરીની લારીની મુલાકાત લેવાનો ફિક્સ્ડ કાર્યક્રમ હોય છે. ક્યારેક કોઇનાં રસોડામાંથી એવો ય સંવાદ સંભળાય છે, 'આજે આપણે ઘણાં દિવસે રોટલી ખાધી હો.' જે જે પ્રસંગોઓ બહારનું ખાવું લગભગ ફરજિયાત થઇ ગયું છે તેની આ રહી યાદી. જન્મદિન, લગ્ન વર્ષગાંઠ, નોકરીમાં બઢતી, પરીક્ષામાં પાસ થવાનાં દિવસે, સાલનાં પંદર તહેવારોનાં દિવસો, નવ નવરાત્રીનાં દિવસો... સોરી રાત્રીઓ, થિયેટર ગમનનાં દિવસો, મેળાઓનાં દિવસે, વર્ષમાં આઠ-દશ વખત મિત્રો કે સગાસંબંધીઓને શહેરની પ્રખ્યાત વાનગીઓ ચખાડવા માટે, પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયા પછી સમાધાન થઇ જાય તે દિવસે, પાડોશી કોઇ નવી હોટલમાં જમી આવ્યા હોય તે પછીનાં એકાદ અઠવાડિયામાં, પતિ ઓફીસની પાર્ટીમાં જઇ આવે તો ત્યાર પછી તેની કોમ્પેન્સેટરી પાર્ટી ઘરવાળીને આપવા માટે, વગેરે વગેરે... મારા મિત્ર કાંતિ 'કડછા' નું મંતવ્ય છે કે, આવા પ્રસંગોની સંખ્યા જે ઝડપે વધી રહી છે, તે જોતાં રીટેલ કરિયાણાવાળાઓ બીપીએસ કાર્ડ માટે પોતાને પાત્ર ગણતા આંદોલન કરે તેવી શક્યતા છે. આજથી પચાસ વર્ષ પછી ફ્લેટની જે કોઇ સ્કીમની જાહેરાત આવશે તેમાં 'બીએચકે' શબ્દને બદલે ખાલી 'બીએચ' જ લખાશે, કેમ કે 'કીચન' શબ્દ માત્ર શબ્દકોષમાં જ રહી જશે. એણે તો એની કલ્પનાને વધુ દોડાવીને આ પ્રગતિને કારણે ક્યા ક્યા ઉદ્યોગોનો વિકાસ થશે તેની એક યાદી પણ તૈયાર કરી નાંખી છે, જેમ કે,

(૧) ઘર બેઠાં બહારનું જમવાનું માંગતા ગ્રાહક વર્ગ માટે મોબાઇલ રસોડા સાઠે ડાઇનિંગ સેટ ઘરાવતી વાન શેરીએ શેરીએ ફેરવવાનો ધંધો

(૨) દરેક વિસ્તારમાં સહિયારા રસોડા સહકારી મંડળીઓનો વિકાસ

(૩) ડોકટરો અને મેડીકલ સ્ટોર્સનાં ધંધામાં વૃદ્ધિ વગેરે વગેરે.

પછી તો ઘરે ઘર એવા સંવાદો સંભળાશે, 'વ્હાલા, આ બહારનું ખાઇ ખાઇને કંટાળી ગયા છીએ, આજે તો ઘરે બનાવીને જમીએ.'

અમુક પરિણિત પુરૂષો તો હોટલમાં એટલા માટે જાય છે કે, જમવાની બાબતમાં પોતે ઓર્ડર કરી શકે એવી જગ્યા દુનિયામાં હજુ ક્યાંક છે, તેનો અનુભવ કરી શકે. 'સૂરતનું જમણ અને કાશીનું મરણ' એ જૂની કહેવત સામે 'હોટલનું જમણ અને ડોકટરનું શરણ' એમ નવી કહેવત સૂચવી શકાય. 'જે જાય દરબાર, તેનાં જાય ઘરબાર' ની જાણીતી કહેવતમાં એક અપવાદ છે. એક કોર્ટ એવી પણ છે કે જ્યાં જવાની મઝા આવે, તે છે ફૂટકોર્ટ. જો કે, ગાંધીનગરીઓએ તો કોર્ટમાં જવા હજુ 'સમન્સ' ની રાહ જોવાની છે.

હોટલવાળાઓ પણ કોઇક આદર્શ આચરસંહિતા પાળતા હોય તેમ લાગે છે. જેમાં નં.૧ ગ્રાહક અંદર આવે ત્યારે એને કોઇએ 'વેલકમ' કે 'ગુડ મોર્નિંગ સર' કે 'પધારો સાહેબ' એમ કહીને આવકાર ન આપવો. ઉલ્ટાનું એની તરફ જોવું જ નહિ, એટલે ગ્રાહકને એમ લાગે કે, આ હોટલ બહુ જ બીઝી છે. (કદાચ એ પણ કારણ હોઇ શકે કે ગ્રાહક બિચારો આવકારની આઇટેમનો ચ પોત ચાર્જ આપવો પડશે તેમ માનીને પાછો જ જતો ન રહે.) મોટાભાગનાં ગ્રાહકો માંગેતો જ આપવું. નં.૩ મેનુ આપ્યા પછી એ ચારે બાજુ બગલાંની માફક વેઇટરની ખોજ કરે ત્યારબાદ થોડાં વિલંબ પછી જ જવું. (બિચારો ગ્રાહક શાંતિથી બેસવા આવે છે, એનાં તો નાણાં લઇએ છીએ, જમાડવામાં ક્યાં કાંઇ ખાસ ખર્ચ કરવો પડે છે?) ચાર સ્ત્રીઓ એક હોટલમાં ચૂપચાપ બેઠી હતી, એમ કોઇ કહે તો એને એક વાક્યની જોક ન સમજવા વિ. એ વેઇટરની રાહ જોતી હોય એમ પણ બને. નં. ૪ ગ્રાહકને કદીય વિદાય લેતી વખતે 'ફરી આવજો' એમ ન કહેવું. નં. ૫ તેને કદીયે 'સાહેબ', જમવાનું કેવું લાગ્યું? એવો સવાલ ન પૂછવો? (કેટલીક વાર કોઇક સાચાબોલા અને આખાબોલા ગ્રાહકો પણ જમવા આવી ચઢતા હોય છે.) નં. ૬ ડોકટરો ભલે ગમે તે કહે, મેંદા સિવાયનાં નાન, ચપાટી, પરોઠા, પુરી તો બનાવવા જ નહી,(પ્રજાનાં આરોગ્યની જવાબદારી આરોગ્ય ખાતાની અને મ્યુ. કોર્પોરેશનની છે, આપણી નથી. ઘઉંની આઇટેમો બનાવીએ, તો બહુ જ ગ્રાહકો આવવા માંડે, તો પછી ક્વોલિટી ક્યાંથી જળવાય?) મેંદો અને ઘઉંમાં મેંદો મોંઘો છે એવો ઘણાંને વહેમ છે, પણ હોટલવાળાઓને નથી, એનું અર્થકારણ સમજવા એક અર્થશાસ્ત્રી વર્ષોથી અભ્યાસ કરે છે. મેંદાની નાન કે ચપાટ ચાવતી વખતે 'ચાર મિલે ચૌંસઠ ખિલે' ની જેમ 'નાન મિલે, બત્તીસ હિલે' છે. કોઇએ તો હમણાં એવું પણ તારણ કાઢ્યું છે કે, દરેક કોળિયો ઓછામાં ઓછો બત્રીસ વખત ચાવવો જોઇએ, જેથી બત્રીસે ચ દાંતને કસરત મળી રહે. સરકારમાં ચ લોકકલ્યાણની યોજનાઓને સુપાચ્ય બનાવવાં ઘણાં ફિલ્ડટ અને ગ્રાઇન્ડર હોય છે, પણ એમાંથી ગણ્યાંગાંઠ્યા જ નિષ્ઠાપૂર્વક પોતાની ફરજ બજાવે છે. જ્યારે અમુક તો, પટાવાળા ફાઇલ ટેબલ પર મૂકે પછી એ બિચારો ફાઇલ લીધા વિના ખાલી હાથો પાછો ન જવો જોઇએ એ સિદ્ધાંતમાં માને છે. બત્રીસ વખત ચાવવામાં અમુક દાઢ તો એવું નિષ્ઠાપૂર્વક ચાવે છે કે ચાવી ચાવીને આરસીટીની ઉમેદવાર થઇ જાય છે. આમ તો એ અન્યાય ન કહેવાય કે તો એક જીભને જ સ્વાદનો લાભ અપાવવા બત્રીસે કામે લાગવું પડે! એમાં ચ વળી સરકાર જેવું?

(અનુસંધાન પાના નં. ૬ પર)

ઓગસ્ટ... ક્રાંતિનો મહિનો. ઓગસ્ટ... આઝાદીનો મહિનો... ઓગસ્ટ... યુદ્ધની ચરમસીમાનો મહિનો

કોફી હાઉસ

- ઉત્સવ પરમાર

ઓગસ્ટ અને ઇતિહાસ : ઇતિહાસ અને ઓગસ્ટ

સમયમાં પ્રવાહમાં કેટલીક ઘટનાઓ સીમા ચિહ્ન રૂપ બની જાય છે, જેને આપણે ઇતિહાસ જેવું રોચક નામ આપી દીધું છે. કેલેન્ડરો, તારીખો, મહિનાઓ, વર્ષો અને પ્રકાશવર્ષોનો આપણે ભૂતકાળ સતત યાદોમાં ફૂંકાયા કરે. ભૂતકાળના ટુકડા ગોઠવવાની મજા નોસ્ટાલ્જીક છે. કદાચ મહિનામાં ઇતિહાસપ્રેમ વધી જતો હશે. આ મહિનો એમ પણ ઐતિહાસિકતાથી છલોછલ ભરેલો છે.

રોમન સમ્રાટ ઓગસ્ટસનાં માનમાં જુલિયન કેલેન્ડરમાં ઉમેરાયેલો આ મહિનો ઘટનાપ્રચુર છે. ઓગસ્ટ... ક્રાંતિનો મહિનો. ઓગસ્ટ... આઝાદીનો મહિનો... ઓગસ્ટ... યુદ્ધની ચરમસીમાનો મહિનો.

ઓગસ્ટ, ૧૯૪૫... આખી દુનિયા વિશ્વયુદ્ધથી હચમચી ઊઠી હતી. યુરોપ તહસનહસ થઇ ચૂક્યું હતું. ઇટલીમાં મુસોલીનીનું પતન થઇ ચૂક્યું હતું અને કેટલાંક મહિના પહેલા હિટલરે તેની સાથી એવા બ્રાઉન સાથે જર્મનીનાં કોઇ બંકરમાં વોલ્થર બ્રાન્ડ પિસ્તોલથી આત્મહત્યા કરી નાખી પણ એશિયામાં જાપાન હજી ઝૂક્યું ન હતું. એક પાગલપન, હુતશની હતી ચારેબાજુ. ઇટલી - જર્મની સામે યુદ્ધ સમાપ્ત થયા બાદ જેમ (જાપાન) યુ આર નેક્સ્ટ, વી વીલ ફિલ્શ ધ જોબ' જેવા પોસ્ટર અમેરિકન આર્મીએ બહાર પાડ્યા હતા. આ તરફ સુભાષચંદ્ર બોઝની ઇન્ડિયન નેશનલ આર્મી જાપાનનાં ભરોસે હતી, ભારતની ઉત્તર-પૂર્વી સરહદો પણ આઇ.એન.એ.ના જવાનો આઝાદીની જંગી લડી રહ્યા હતા. જાપાનની પરિસ્થિતિ આ જવાનોની - સુભાષ બાબુની આકાંક્ષાઓને હચમચાવી નાખવાની હતી.

છઠ્ઠી ઓગસ્ટની સવારે હિરોશીમા પર બી-૨૯ એનોલા ગે વિમાનમાંથી બોમ્બ ઝીંકાયો - યુરેનિયમ-૨૩૫ની નાભિમાંથી છૂટી પડેલી તાકતે જાપાનમાં એક શહેરને જીવતી ભઠ્ઠીમાં ફેરવી નાખ્યું. આવો જ એક પ્લુટોનિયમ બોમ્બ ત્રણ દિવસ પછી નાગાસાકી પર ઝીંકાયો. આખી દુનિયા ક્રૂરતાની પરાકાષ્ઠાએ ઘટનાક્રમને જોઇ રહી હતી. ૧૫ ઓગસ્ટ, ૧૯૪૫નાં રોજ જાપાને અલાઇડ તાકતો સામે ઘૂંટણ ટેકવી દીધાં અને બે વર્ષ બાદ લોર્ડ લૂઇ માઉન્ટ બેટન નામનો ભારતનો અંતિમ વાઇસરોય વિશ્વયુદ્ધ વિજેતા બન્યાની આ તારીખનાં માનમાં ભારતનો સ્વતંત્રતા દિવસ પણ ૧૫મી ઓગસ્ટ જ મુકરર કરવાનો હતો, જે આઝાદીનાં તોહફા સાથે દેશવાસીઓને કદી ના ભૂલાય તેવા જખમ આપી જવાનો હતો.

એ પણ ૧૯૪૬ના ઓગસ્ટની ૧૬મી તારીખ હતી, જ્યારે જિન્નાહે 'ડાયરેક્ટ એક્શન ડે'નો પૂળો ચાંપ્યો ને બંગાળ કોમી આગમાં ઝૂલસવા લાગ્યું. ભારત પર ઝનૂન સવાર થઇ ગયું... આ આગ જલદી બુઝાવાની ન હતી.

એ ૧૯૪૫ની ૧૮મી ઓગસ્ટ હતી જ્યારે સુભાષચંદ્ર બોઝનું પ્લેન સાઇગોનથી ટોક્યો જવા ઉડ્યું ને પછી તાઇપેઇ આસમાન તેને ગળી ગયું. આ ઘટના અંગે અટકળો આજે પણ જારી છે.

એ પણ ઓગસ્ટની જ એક રાત હતી. જ્યારે નહેરૂનાં રૂમાની અવાજે 'ટ્રાયસ્ટ વિથ ડેસ્ટીની' નામનું ઐતિહાસિક ભાષણ આપ્યું હતું અને 'એટ ધ સ્ટ્રોક ઓફ મિડનાઇટ આર્સ' પર ભારત સ્વતંત્રતાનાં નવા પરોઢની રાહ જોતું ઊભું હતું. પણ સ્વતંત્રતાનો આ અવસર વિભાજનના કાળા પડછાયા નીચે આવ્યો. ૧૯૪૭ નો ઓગસ્ટ મહિનો હજારો લોકોનાં લોહીથી તવારીખમાં પોતાનું નામ લખતો ગયો.

ઓગસ્ટ - આ મહિનો કોંગો આઝાદ થયું, કોરિયા સ્વતંત્ર થયું, બહરીને ગુલામીની બેડીઓ તોડી, પાકિસ્તાનનો નકશો ઊભરી આવ્યો... ને એ પણ ઓગસ્ટનો જ એક દિવસ હતો જ્યારે બાંગ્લાદેશનાં મુક્તિદાતા શેખ મુજીબુર રહમાનની હત્યા કરી નાખવામાં આવી.

૪૨મી સાલની ઓગસ્ટની સવારોએ 'ભારત છોડો'નાં નારાઓ વડે સડકો ગજાવી મુકી હતી અને અમદાવાદની ગુજરાત કોલેજ પાસે વિનોદ કિનારીવાલાની ફોલાદી છાતી ગોળીઓથી વિંધાઇ હતી. ઓગસ્ટ...ઓગસ્ટ!

ઇતિહાસ ને જોવા માટે દરેકની પાસે પોતાના ચશ્મા છે - પોતાની દૃષ્ટિ છે. ઘટનાઓની ઐતિહાસિકતાનું સાપેક્ષ મૂલ્ય છે. આપણી જિંદગીઓને અસર પાડતી તમામ ઘટનાઓની ઇતિહાસિતા વધી જાય છે. એ ઇતિહાસ ક્યારેક વિશેષ ઇતિહાસ બની જાય છે... કદાચ ઓગસ્ટ સાથે આપણો આવો જ વિશેષ સંબંધ છે...!! તમને શું લાગે છે?

● ● ●

જે પ્રજા ઇતિહાસ ભૂલી જાય છે, તેમને
તે ફરી જીવવાનો અભિશાપ મળે છે

- ch9723367947@yahoo.com

ધન્ય છે ડુંગળીના દડાઓને! આ ડુંગળી સમારતી વખતે જ આંસુ નથી પડાવતી... હવે તો તેના ભાવો પણ આંસુ પડાવે છે

હમણાંથી ડુંગળીના ભાવ જ નહિ એની નામના પણ આસમાને પહોંચી છે. ધન્ય છે ડુંગલીના દડાઓને! આ ડુંગળી સમારતી વખતે જ આંસુ નથી પડાવતી... હવે તો તેના ભાવો પણ આંસુ પડાવે છે. આ બધુ ધ્યાને લઇ કેટલાક ગીતના મુખડાની પેરોડી બનાવી છે. જેથી આપણે ડુંગળી ખાધા કરતા પણ વિશેષ આનંદ માણી શકીએ. ચાલો ત્યારે આંસુ લુછીને હસો અને હળવા થાવ.

ક્રમ	ગીતની પેરોડી પંક્તિ	ગીતની મૂળ ફિલ્મ
૧.	'પ્યાજ કી આગમને તનબદન જલ ગયા	(ઝીદ્દી)
૨.	તુમ આજ મેરે સંગ ખા લો તુમ આજ મેરે સંગ રો લો ઔર રૌતે રોતો ઇસ જીવન મેં મહેંગી પ્યાજ ખા લો	(આશિક)જૂનું
૩.	'ડુંગળી' કૈસી હૈ યે સબ્જી હાય કભી યે ગંધાયે, કભી યે રૂલાયે	(આનંદ)
૪.	આંસુ ભરી હૈ યે પ્યાજ કી રાહે કોઇ ઉનકો કહે દે 'ઇન્હે' ભૂલ જાયે	(પરવરીશ) જૂનું
૫.	હમસે ખાયા ન ગયા ઉનકો ખિલાયા ના ગયા ફાસલા પ્યાજકી કિંમત કા હટાયા ના ગયા	(દેખ કબીરા રોયા)
૬.	કયા સે કયા હો ગયા બેવફા... મહેંગી પ્યાજ મે	(ગાઇડ)
૭.	હમ પ્યાજ સે જલને વાલો કો ચૈન કહાં હાય રે આરામ કહાં	(જેલર)
૮.	કહે દો કોઇ ના ખરીદે યહાં 'પ્યાજ' ઇસમે ખુશીયા હૈ કમ બેસુમાર હૈ ગમ	(ગુંજ ઉઠી શહનાઇ)
૯.	આપકો પ્યાજ છુપાનેકી બુરી આદત હૈ	(નીલા આકાશ)
૧૦.	'કાંદા... કાંદા' આન પડી મૈં તેરે દ્વારા	(શાગીર્દ)
૧૧.	'કાંદા' કો ઢૂંઢને સભી પત્ની નીકલ પડી	

કદાચ કોઇ નિર્માતા - નિર્દેશકને ફિલ્મ બનાવવી હોય તો ટાઇટલ તૈયાર છે :

(૧) વીર ડુંગળીવાળો
(૨) તમે રે કાંદો ને અમે ભેળ
(૩) મૈંને પ્યાજ ખાયા
(૪) પ્યાજ ઝૂકતી નહિ
(૫) પ્યાજ મહોબત
(૬) પ્યાજ કા બંધન
(૭) પ્યાજ કી પ્યાસ
(૮) પ્યાજ પ્યાજ
(૯) પ્યાજ કા મૌસમ
(૧૦) દૂર પ્યાજ કી છાંવ મેં

ડુંગળી (હળવે હૈયે)

- ભર્ગદેવ ભટ્ટ (હાસ્યાયન)